ISSN: 2319-202X

# બોધકથાઃ જ્ઞાનાર્જનનું સાધન

- શ્રી અજય ભરતભાઈ રાવલ
સહાયક પ્રાધ્યાપક, એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ગાંધીનગર
મો. ૯૭૨૩૧૩૨૮૯૨, Email ID: ajajayravala@gmail.com

વિશ્વની દરેક વ્યક્તિ શ્રેષ્ઠ મેળવવાની ખેવના સેવતી હોય છે. વિશ્વના બીજા પશુ-પક્ષી કરતા બુદ્ધિ/જ્ઞાનનું તત્ત્વ માણસને અલગ બનાવે છે અને આ તત્ત્વની મદદથી જ તે વિશ્વના શ્રેષ્ઠત્વને પ્રાપ્ત કરવા સતત પ્રયત્નશીલ રહે છે. સાંખ્યશાસ્ત્ર મુજબ વ્યક્તિ માત્ર પાસે પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય તથા અગિયારમુ મન છે. જ્ઞાનપ્રાપ્તિના આ બધા કરણો(સાધનો) છે જે સુગમતાથી, સચોટતાપૂર્વક જ્ઞાનાર્જનમાં ઉપયોગી બને છે. જ્ઞાન મેળવવાના ઘણા બધા સાધનોમાં સૌથી વધુ રુચિકર સાધન બોધકથા છે. કોઈપણ વ્યક્તિને ઉપદેશ કે પ્રવચન કંટાળાજનક લાગે છે પરંતુ તે જ વાત કે તત્ત્વ/સત્વને કથા/વાર્તાના માધ્યમથી કહેવાય તો તે આનંદદાયક, રુચિકર તેમજ સરળતાથી સમજાય તેવી બની જાય છે.

**બોધકથાનો અર્થઃ**

ભગવદ્ગોમંડળ (૨૦૦૭) મુજબ બોધ એટલે ઉપદેશ, હિતશિક્ષા કે શિખામણ અને કથા એટલે વાર્તા. આમ બોધકથા એટલે એવી વાર્તા કે જે શિખામણ કે ઉપદેશ આપતી હોય.

**બોધકથાનો ઈતિહાસઃ**

સનાતનીય પરંપરામાં બોધકથાઓનું મહત્ત્વ અનાદિકાળથી સ્થાપિત છે. શ્રીવેદવ્યાસજીએ પણ વેદના ગુહ્ય અને રહસ્યમય તત્ત્વોને જુદી-જુદી કથા તેમજ ઉપકથાના માધ્યમથી પંચમવેદ કહેવાતા "મહાભારત" અને વિવિધ પુરાણોમાં રજૂ કર્યા છે. વૈદિક વાઙ્મયમાં બ્રાહ્મણગ્રંથો, ઉપનિષદો, વગેરે ઉદાહરણો ઉપરોક્ત તથ્યને પ્રતિપાદિત કરે છે અને આ કથાઓ કાલ્પનિક જ નહોતી, તથ્ય આધારિત હતી તદુપરાંત તેમાંથી ઉપદેશ તેમજ બોધ પણ મળતો હતો. રાધેશ્યામ ખેમકા અનુસાર (૨૦૨૦) લૌકિક સંસ્કૃત વાઙ્મયના પ્રાચીન ગ્રંથોની માહિતી આ મુજબ છેઃ શ્રી વિષ્ણુશર્મા રચિત પંચતંત્ર (લગભગ ત્રીજી સદી), આચાર્ય ગુણાઢ્યકૃત બૃહત્કથા(લગભગ પહેલી સદી), કશ્મીરના પંડિત સોમદેવ દ્વારા રચિત કથાસરિત્સાગર (અગિયારમી સદી), શ્રી નારાયણ પંડિત વિરચિત હિતોપદેશ (લગભગ અગિયારમી સદી), ભોજપ્રબન્ધ, સિંહાસનદ્વાત્રિંશિકા, વેતાલપંચવિંશતિ વગેરે લોકપ્રખ્યાત કૃતિઓ છે. ભારતમાં આવા સાહિત્યની ભવ્ય પરંપરા રહી છે જ્યાં વાર્તા-કથાના માધ્યમથી બોધ આપવામાં આવતો હોય.

ISSN: 2319-202X

**બોધકથા– સ્વ અધ્યયનનું સાધનઃ**

તૈત્તિરીયોપનિષદ્ (૧/૧૧)માં કહ્યું છે કે "સ્વાધ્યાયાન્મા પ્રમદઃ" અર્થાત્ સ્વાધ્યાય કરવામાં આળસ (પ્રમાદ) ન કરવી. મહર્ષિ પતંજલિ પણ પોતાના યોગસૂત્રમાં સ્વાધ્યાયનું મહત્વ દર્શાવતા કહે છે કે, "તપઃ સ્વાધ્યાયેશ્વરપ્રણિધાનાનિ ક્રિયાયોગઃ" અર્થાત્ તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન આને ક્રિયાયોગ કહે છે. આચાર્ય ચાણક્ય પણ ચાણક્યનીતિમાં સ્વાધ્યાયની મહત્ત દર્શાવતા કહે છે કે,

શ્લોકેન વા તદર્ધેન પાદેનૈકાક્ષરેણ વા |
અવન્ધ્યં દિવસં કુર્યાદ્ દાનાધ્યયનકર્મભિઃ ॥

અર્થાત્ કોઈપણ વ્યક્તિએ એકપણ દિવસ ગ્રંથના શ્લોક કે અડધો શ્લોક અરે ! એક અક્ષર પણ સ્વાધ્યાય વિના પસાર ન કરવો જોઈએ. આમ ઉપરોક્ત ઘણા બધા શાસ્ત્રોમાં સ્વાધ્યાયનો અર્થ અને મહત્ત્વ સૂચવવામાં આવ્યું છે તેમ જ દરેક વ્યક્તિની અધ્યયન–ગતિ જુદી–જુદી હોય છે. ઘણાં ખૂબ ઝડપથી શીખતા હોય છે તો ઘણા મંદગતિએ શીખતા હોય છે. બોધકથાઓ એ સ્વ–અધ્યયન માટે ઉત્તમ સાધન સાબિત થઈ શકે છે. જે વ્યક્તિને જાતે અભ્યાસ કરવો હોય તે પણ બોધકથાના સ્વાધ્યાયથી જ્ઞાન મેળવી શકે છે.

**બોધકથા– મૂલ્યશિક્ષણનું સાધનઃ**

મૂલ્યશિક્ષણ પ્રમાણમાં જટિલ પ્રક્રિયા છે. ઘણા શિક્ષણવિદોનો મત છે કે મૂલ્ય શીખવી ન શકાય જ્યારે કેટલાક લોકો માને છે કે મૂલ્યને શીખવી શકાય છે. તથ્ય જે પણ હોય પરંતુ બોધકથાઓ થકી મૂલ્યશિક્ષણ શક્ય બની શકે છે. પંચતંત્રની બોધકથામાં આવે છે તે મુજબ રાજાના ત્રણ મૂર્ખ પુત્રોને રાજનીતિ અને નીતિશાસ્ત્ર શીખવવા માટે રાજ્યના એક બ્રાહ્મણ વિષ્ણુગુપ્તે પશુ–પક્ષીઓની વાર્તાઓ કહી હતી. ત્રણેય રાજકુમારોમાં નીતિલક્ષી મૂલ્યો સંક્રમિત કરવા માટે આ રીત અસરકારક નીવડી હતી. અત્યારે પણ આ બાબતે સંશોધન કરી શકાય કે બોધકથાઓ મૂલ્યશિક્ષણમાં કેટલી અસરકારક નીવડે છે.

**બોધકથા શા માટે પ્રચલિત નથી?**

બોધકથાઓ મૂળભૂત રીતે સંસ્કૃત ભાષામાં લખાયેલ ગ્રંથોમાં છે. અત્યારે આપણે સૌ સમાજમાં સંસ્કૃત ભાષાનું અવમૂલ્યન જોઈ જ રહ્યા છીએ. કોઈને પણ સંસ્કૃત ભાષા શીખવામાં ખાસ રસ હોય તેવું જણાતું નથી. સંસ્કૃત ભાષાની આ ઉપેક્ષા આપણને આપણા આર્ષ ગ્રંથોમાં રહેલા શ્રેષ્ઠ એવા જ્ઞાનથી વંચિત રાખવામાં કારણભૂત છે. અલબત્ત બોધકથાનું વિષયવસ્તુ અન્ય ભાષામાં અનુવાદિત થયું છે પણ તેમ છતાં લોકોમાં તેનું ઓછું પ્રચલન જોવા મળે છે. તેના કારણોમાં શિક્ષકની આ બાબતે સજ્જતાનો અભાવ, બાળકોને માર્ગદર્શન ના મળવું, જનજાગૃતિની ઊણપ વગેરેનો સમાવેશ થઈ શકે છે.

**ઉપસંહારઃ**

આપણે સૌએ આપણા બાળપણમાં પંચતંત્ર કે હિતોપદેશની વાર્તા સાંભળી જ હશે. પરંતુ અત્યારે આપણે તે માટે તેટલું લક્ષ્ય સેવતા નથી. આ માટે સજાગપણે અને સઘનતાપૂર્વક પ્રયત્નો કરીએ તો આજે પણ બોધકથા એ જ્ઞાનાર્જનનું સાધન બની શકે છે. આમ કરવાથી આપણે આપણા પછીની પેઢીને પણ શ્રેષ્ઠ વારસો આપતા જઈશું. આવી બોધકથાઓનું પ્રચલન વધે તે માટે જાગૃતિના કાર્યક્રમ કરવા જોઈએ તેમ જ તે માટે સોશિયલ મિડિયા તેમજ ઈલેક્ટ્રોનિક મિડિયાના બહોળા વ્યાપને ધ્યાનમાં રાખી તેના ઉપયોગ વડે બોધકથાના પ્રચાર–પ્રસાર માટે તત્પર રહેવું જોઈએ. ભાવિ પેઢીમાં સંસ્કાર સિંચનની પ્રક્રિયા બોધકથાના માધ્યમથી વધુ અસરકારક સાબિત થઈ શકે તેમ છે.

**સંદર્ભસૂચિઃ**

ભગવદ્ગોમંડળ (૨૦૦૭), પ્રવીણ પ્રકાશન, રાજકોટ

ખેમકા, રાધેશ્યામ (૨૦૨૦), *બોધકથા અંક,* કલ્યાણ માસિક, ગીતાપ્રેસ ગોરખપુર.

પોદ્દાર, હનુમાનપ્રસાદ (૨૦૧૩), *ઉપનિષદ્ અંક,* કલ્યાણ માસિકા, ગીતાપ્રેસ ગોરખપુર.

ગોયન્દકા, હરિકૃષ્ણદાસ (૨૦૦૮), *યોગદર્શન,* ગીતાપ્રેસ ગોરખપુર.

https://sanskritdocuments.org/doc_z_misc_major_works/chANakyanItisort.html?lang=sa

